General GR

**રાજ્ય સરકારની કચેરીઓ દ્વારા કરવામાં આવતી ખરીદીઓ તથા કામોનાં ટેન્ડરો બાબત.**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
પરિપત્ર ક્રમાંક - સસપ/૧૦૯૭/૧૦૯/ઝ
સચિવાલય, ગાંધીનગર,
તારીખ ૧૩મી મે, ૧૯૯૭.

**સંદર્ભ :-** સચિવશ્રી (આ.બા.) નાણા વિભાગ, સચિવાલય ગાંધીનગરના સર્વે વહીવટી વિભાગોના અગ્ર સચિવ/અધિક મુખ્ય સચિવ/સચિવશ્રીને ઉદ્દેશીને લખાયેલ અ. સ. પત્ર ક્રમાંક-જનવ-૧૦૯૬-સીએમ-૧૭-ઝ તા. ૨૪-૧૨-૯૬.

## પરિપત્ર

રાજ્ય સરકારની કચેરીઓ દ્વારા કરવામાં આવતી તમામ ખરીદીઓ કરકસરપૂર્વક સારી ગુણવત્તાવાળી ચીજવસ્તુઓની અને તે પણ શક્ય તેટલા વધુ સ્પર્ધાત્મક ભાવોથી કરવામાં આવે તેવી રાજ્ય સરકારની નીતિ છે. આ ઉદ્દેશોની પૂર્તિ માટે ખરીદીની પ્રક્રિયા તેમજ કામોના ટેન્ડરો મંજૂર કરવાની પ્રક્રિયા પારદર્શક વ્યાજબી અને ખરીદીના ટેન્ડરમાં ભાગ લેનાર સઘળા પૂરવઠાકારો /ઠેકેદારોને સમાન તક મળી રહે તેવી, તેમજ રાજ્ય સરકારનું હિત કેન્દ્ર સ્થાને રાખવામાં આવ્યું હોય તે પ્રકારની હોવી જોઇએ, તેવું રાજ્ય સરકાર ઇચ્છે છે. રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતી ખરીદીઓ અને મંજૂર કરવામાં આવતા કામોના ટેન્ડરો અંગે પ્રજાના કોઇપણ વર્ગ કે વ્યક્તિને કોઇપણ પ્રકારનો સંદેહ ન જાગે તે માટે ખરીદી અંગેના અને કામોનાં ટેન્ડરો અંગેના નિર્ણયો લેવામાં પૂરેપુરી સતર્કતા જળવાય તે જરુરી છે. આ હેતુ ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે સંદર્ભમાં ઉલ્લેખ અ.સ. પત્રથી રૂા. ૫૦ લાખથી વધુ રકમની ખરીદીઓ અને કામોમાં ટેન્ડરો અંગે આખરી નિર્ણય લેતા પૂર્વે સંબંધિત વહીવટી વિભાગ મારફતે માનનીય મુખ્ય મંત્રીશ્રીની કચેરીમાં પૂર્વ મંજૂરી માટે રજૂ કરવા સુચનાઓ આપવામાં આવેલ છે.

ઉપરોક્ત સૂચનાઓની જોગવાઇઓના કારણે બિન જરુરી વિલંબ થવા ન પામે અને સત્તાનું અસરકારક રીતે વિકેન્દ્રિકરણ થાય તે હેતુથી ઉપરોક્ત સંદર્ભમાં જણાવેલ અ. સ. પત્રની સુચનાઓ બાબતમાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભમાં ઉલ્લેખ તા. ૨૪-૧૨-૯૬ના અ. સ. પત્રની સૂચનાઓ રદ કરીને નીચેની સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) **રૂા. ૫૦ લાખની રકમ સુધીના ખરીદી અંગેના કે કામો (Works) ના ટેન્ડરો અંગે નિર્ણય લેવા જે તે વહીવટી વિભાગ સક્ષમ રહેશે, જ્યારે રૂા. ૫૦ લાખથી વધુ પરંતુ રૂા. ૫ કરોડથી નીચેની રકમનાં ટેન્ડરો સંબંધીત વિભાગે સચિવશ્રી ખર્ચ, નાણા વિભાગની મંજૂરી મેળવીને જ મંજૂર કરવાના રહેશે. રૂા. ૫ કરોડ કે તેથી વધુ રકમની ખરીદી કે કામોનાં ટેન્ડરો માટે અધિક મુખ્ય સચિવશ્રી નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.**

(૨) હાલની જોગવાઇઓ અનુસાર સચિવોની ખરીદ સમિતિ દ્વારા લેવામાં આવતા નિર્ણયો ઉપર સચિવશ્રી (ખર્ચ)/અધિક મુખ્ય સચિવશ્રી નાણા વિભાગની પૂર્વ મંજૂરી મેળવવાની આવશ્યકતા રહેશે નહિ.

(૩) ઉપરોક્ત વ્યવસ્થા અમલમાં આવવાથી હવે કોઇ પણ વિભાગે પોતાની ખરીદી/ટેન્ડરો અંગેની દરખાસ્તો પૂર્વમંજૂરી માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીને મોકલવાની રહેતી નથી. જે કેસો માનનીય મુખ્ય મંત્રીશ્રીની પૂર્વ મંજુરી અર્થે પડતર હોય તેનો પણ જે તે વહીવટ વિભાગે આ પરિપત્રની સુચનાઓ અનુસાર તત્કાળ નિકાલ કરવાનો રહેશે.

આ પરિપત્રની સૂચનાઓ તાત્કાલિક અસરથી અમલમાં આવે છે આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા સર્વે વહીવટી વિભાગને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**રાજેશ કિશોર**
સચિવ (આ. બા.)
નાણા વિભાગ

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર,
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
રજિસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ,
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર,
સચિવશ્રી, ગુજરાત રાજ્ય સેવા કમિશન, અમદાવાદ (૧૦ નકલો)
સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર,
સચિવાલયના તમામ વિભાગો (૫ નકલો).
તમામ ખાતાના વડાઓ.
બધા મદદનીશો, નિરીક્ષકો, (સ્થાનિક નિધિ હિસાબ).
બધા તિજોરી અધિકારીઓ/પેટા તિજોરી અધિકારીઓ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા નિગમ ગાંધીનગર/વડોદરા.
નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ-૧) ગુજરાત અમદાવાદ-૩૮૦૦૦૧.
એકાઉન્ટન્ટ જનરલ (એકાઉન્ટન્ટ અને સેટલમેન્ટ) ગુજરાત પો. બો. નં. ૨૨૦, રાજકોટ-૩૬૦ ૦૦૧.
એકાઉન્ટન્ટ જનરલ (એ એન્ડ ઈ) ગુજરાત, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલ શ્રી, (ઓડીટ) ગુજરાત પોસ્ટ બો. નં.૨૨૦ રાજકોટ (૫૦ નકલો સાથે).
તમામ યુનિવર્સિટીઓ.
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/નાણાં સલાહકારશ્રીઓ.
નાણાં વિભાગની બધી શાખાઓ/ નાણા શાખાઓ સહિત.
સેલેક્ટ ફાઈલ ઝ-શાખા, નાણા વિભાગ.
ખ" વહેંચણી.

-----------

દ્વારાં